# કવિ શ્રી દાદ વિનયન અને વાણીજ્ય કોલેજ ,પડધરી

## નેશનલ સ્કોલરશીપ(CSSS) અંગેની નોટીસ

બી.એ.સેમ-૧માં અભ્યાસ કરતા વિધાર્થીઓને જણાવવાનું કે,જે વિધાર્થીઓએ માર્ચ-૨૦૨૩માં લેવાયેલી ધોરણ-૧૨ની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને ૮૦ કે તેથી વધુ પર્સનટાઇલ મેળવેલ હોય અને જેના વાલીની વાર્ષિક આવક રૂ.૪,૫૦,૦૦૦/- સુધીની હોય તેવા વિધાર્થીઓએ “સેન્ટ્રલ સેકટર સ્કીમ ઓફ સ્કોલરશીપ ફોર કોલેજ એન્ડ યુનીવર્સીટી સ્ટુડન્ટ (CSSS)” યોજના હેઠળ સ્કોલરશીપ મેળવવા માટે scholarship.gov.in ની વેબસાઈટ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે.

ઓનલાઇન અરજી કર્યા બાદ વિધાર્થીઓએ અરજી ફોર્મ જરૂરી આધારો કોલેજમાં જમા કરાવવાના રહેશે. જે વિધાર્થીએ પોતાના જરૂરી આધારો

કોલેજમાં જમા નહિ કરાવે તેની અરજી માન્ય રાખવામાં આવશે નહિ જેની ખાસ નોધ લેવી.અરજી કરવાની છેલ્લી તારીખ ૩૧/૧૨/૨૦૨૩છે.

- ➔ શિષ્યવૃત્તિ દરખાસ્ત કરતાં દરેક વિદ્યાર્થીની ૮૦% હાજરી અભ્યાસ દરમિયાન હોવી જરૂરી છે. અન્યથા શિષ્યવૃત્તિ મળશે નહીં જેની ખાસ નોંધ લેશો.

- ➔ વિદ્યાર્થી કોઈ પણ એક જ સ્કોલરશીપનો લાભ લઈ શકશે જેની ગંભીર નોધ લેવી.
- ➔ વિદ્યાર્થીઓએ તમામ ડોક્યુમેન્ટ્સ ઓરીજીનલ ડોક્યુમેન્ટ્સમાંથી સ્કેન કરીને અપલોડ કરવાના રહેશે. (ફરજીયાત)
- ➔ આધારકાર્ડની તમામ વિગતો ધોરણ -૧૨ની માર્કશીટ અને L.C મુજબ માન્ય ગણાશે.

- ➔ ઓનલાઈન ફોર્મ ભર્યા બાદ તમામ વિદ્યાર્થીઓએ પહેલા ડ્રાફ્ટ ફોર્મ (નીચે આપેલ તમામ ડોક્યુમેન્ટ્સ સાથે લઈ આવીને) કોલેજમાં ચેક કરાવીને જ ફાઈનલ સબમિટ કરવાનું રહેશે. જેથી કોઈ ભૂલ ન થાય.
- ➔ વિદ્યાર્થીઓએ સુચના વાંચીને જ ફોર્મ ભરવું.
- ➔ નિયત તારીખ બાદ આવેલ દરખાસ્ત ધ્યાને લેવામાં આવશે નહીં.
- ➔ ફોર્મમાં નાખવામાં આવેલ ઈ-મેઈલ આઈ-ડી, મોબાઈલ નંબર અને પાસવર્ડ દરેક વિદ્યાર્થીએ ચાલુ હાલતમાં રાખવાનો રહેશે તેમજ આ બધી વિગતો સાચવી રાખવી.
- ➔ કોલેજ દ્વારા જે વિદ્યાર્થીઓની એપ્લીકેશન ઓનલાઈન રિટર્ન કરવામાં આવશે તેમને આપવામાં આવેલી સુચના મુજબનો સુધારો કરવાનો રહેશે.
- ➔ દરેક વિદ્યાર્થીએ આધારકાર્ડ અને બેન્ક એકાઉન્ટ સાથેનું લીંક કરવું જરૂરી છે.

➔ જે વિદ્યાર્થીનાં પિતા/વાલી સરકારી નોકરી કરતા હોય તેવા વિદ્યાર્થીએ વાલીનાં આવકના દાખલા સાથે આવક અંગેનું ફોર્મ નં-૧૬ અપલોડ કરવાનું રહેશે.

➔ <u>વિદ્યાર્થીઓએ ફોર્મની બે નકલ અને દર્શાવેલ આધારોની એક નકલ કોલેજમાં જમા કરાવવાની રહેશે.</u>

## <u>સ્કોલરશિપ એપ્લીકેશનમાં નાખવાની ફી ની વિગત :</u>

**<u>F.Y. B.A. & F.Y. B.COM.</u>**

| ફી | ભાઈઓ | બહેનો |
|---|---|---|
| TUTION FEE | 1200/- | 00/- |
| EXAM FEE | 440/- | 440/- |
| MISE FEE | 400/- | 400/- |

## ::- શિષ્યવૃત્તિ ફોર્મ માટેના જરૂરી આધારો -::

**દરેક કેટેગરીનાં વિધાર્થીએ નીચે મુજબના ડોક્યુમેન્ટ્સ ક્રમમાં ગોઠવીને શિષ્યવૃતિનાં ફોર્મ સાથે પર તા.૩૧-૧૨-૨૦૨૩ સુધીમાં લાઈબ્રેરી / સ્પોટ્ર્સ ઓફીસમાં જમા કરાવવાના રહેશે.**

ફોર્મ જમા કરાવવાનો સમય : ૧૦:૦૦ થી ૧૨:૦૦

**(૧) ધોરણ -૧૦ ની માર્કશીટની ઝેરોક્ષ**
**(૨) ધોરણ -૧૨ ની માર્કશીટની ઝેરોક્ષ**
**(૩) શાળા છોડ્યાનું પ્રમાણપત્રની ઝેરોક્ષ**
**(૫) અગાઉના તમામ સેમેસ્ટરની માર્કશીટની ઝેરોક્ષ**
**(૪) હાલનાં સેમેસ્ટરની ફી ની પહોંચની ઝેરોક્ષ**
**(૬) જાતિનું પ્રમાણપત્રની ઝેરોક્ષ**
**(૭) આવકનું પ્રમાણપત્રની ઝેરોક્ષ**
**(૮) બેન્કની પાસબુકની ઝેરોક્ષ**
**(૯) આધારકાર્ડની ઝેરોક્ષ**
**(૧૦) કોલેજ આઈ-કાર્ડની ઝેરોક્ષ**

અ સાથેના ઉચ્ચ શિક્ષણના પત્રમાં જણાવ્યા મુજબ આ સ્કોલરશીપ બાબતે કોઈ પણ મુશ્કેલી જણાય તો જણાવ્યા નંબર અને ઈમેલ આઈ.ડી પર જાણ કરવાની રહેશે.

# ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,

## શિષ્યવૃત્તિ શાખા, બ્લોક નં-૧૨, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦.

सत्यमेव जयते

**"સેન્ટ્રલ સેક્ટર સ્કીમ ઓફ સ્કોલરશીપ ફોર કોલેજ એન્ડ યુનિવર્સિટી સ્ટુડન્ટસ" વર્ષ-૨૦૨૩-૨૪ યોજના અન્વયે ફ્રેશ તથા રીન્યુઅલના અરજદારને ઓનલાઇન અરજી કરવા બાબત.**

"સેન્ટ્રલ સેકટર સ્કીમ ઓફ સ્કોલરશીપ ફોર કોલેજ એન્ડ યુનિ. સ્ટુડન્ટસ" યોજના હેઠળ ગુજરાત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૨૩ માં લેવાયેલી ધોરણ-૧૨ની વાર્ષિક પરીક્ષામાં સામાન્ય તથા વિજ્ઞાન પ્રવાહમાં ૮૦ કે તેથી વધુ પર્સન્ટાઇલ સાથે ઉત્તિર્ણ કરેલ હોય તથા જેના વાલીની વાર્ષિક આવક રૂ. ૪,૫૦,૦૦૦/- સુધી હોય, તેવા વિધાર્થીઓ આ શિષ્યવૃત્તિનો લાભ મેળવવા માટે ઓનલાઇન અરજી કરી શકશે. શિષ્યવૃત્તિ માટેની વધુ માહિતી **National e-Scholarship Portal** www.scholarships.gov.in ની વેબસાઇટ પર મુકવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૨ સુધીમાં જે વિધાર્થીઓએ આ શિષ્યવૃત્તિની યોજના હેઠળ લાભ મેળવેલ છે તેમજ વર્ષ ૨૦૨૩માં રિન્યુઅલ શિષ્યવૃત્તિ મેળવવા માટે લાયકાત ધરાવતા હોય તેઓએ **National e-Scholarship Portal** www.scholarships.gov.in ની વેબસાઇટ પર રીન્યુઅલ માટે ઓનલાઇન અરજી ફોર્મ ભરવાનું રહેશે. ઉક્ત તમામ વિધાર્થીઓએ તા.૩૧/૧૨/૨૦૨૩ સુધીમાં ફક્ત ઓનલાઇન પધ્ધતિથી અરજી કરવાની રહેશે. આ શિષ્યવૃત્તિ DBT(Direct Benefit Transfer) હેઠળ મળવાપાત્ર હોઇ, તેઓનું બેંક અકાઉન્ટ રાષ્ટ્રીયકૃત બેન્કમાં ખોલાવવાનું રહેશે. તેમજ બેંક અકાઉન્ટ આધાર સાથે લિન્ક હોવુ ફરજિયાત છે. **તેમજ સુધારેલી ગાઇડ લાઇન મુજબ " જે વિધાર્થીઓ NSP પોર્ટલ પર ગયા વર્ષે રિન્યુઅલ અરજી કરવાનું ચુકી ગયા છે. તેઓને અનુગામી વર્ષ માટે રિન્યુઅલ માટે અરજી કરવાની મંજુરી આપવામાં આવશે, જો વિધાર્થી તે માટે લાયકાતની શરત પૂરી કરે." આવા અરજદારોએ રિન્યુઅલ માટેની યોગ્યતાની ખાતરી કરવા માટે માન્ય ડોક્યુમેન્ટ સાથે મંત્રાલયનો સંપર્ક કરવાનો રહેશે અને ચકાસણી કર્યા પછી, મંત્રાલય તેમને વર્ષ ૨૦૨૩-૨૪ માટે પાત્ર બનાવશે.**

ઓનલાઇન અરજી કર્યા બાદ વિધાર્થીએ જરૂરી ડોક્યુમેન્ટ સાથે જે તે સંસ્થા કે કોલેજમાં વેરીફિકેશન કરાવવુ ફરજીયાત છે. તેમજ સંસ્થા કે કોલેજ દ્વારા પણ વિધાર્થીનું ઓનલાઇન વેરીફિકેશન નિયત સમયમર્યાદામાં થાય તે સુનિશ્ચિત કરવાનું રહે છે. આ શિષ્યવૃત્તિના અરજી ફોર્મ કે કોઇપણ પ્રકારના ડોક્યુમેન્ટ અત્રેની કચેરીમાં જમા કરાવવાના રહેતા નથી. આ શિષ્યવૃત્તિમાં કરવામાં આવેલ જોગવાઇ મુજબ વિધાર્થી કોઇ એક જ શિષ્યવૃત્તિ યોજનાનો લાભ લઇ શકશે. જો કોઇ વિધાર્થી અન્ય શિષ્યવૃત્તિનો લાભ મેળવતા હોવાની જાણ થશે તો આ શિષ્યવૃત્તિમાંથી Reject કરવામાં આવશે. ઓનલાઇન ફોર્મ ભરવામાં મુશ્કેલી જણાય તો scholarshipche10@gmail.com પર Mail કરશો.

નોંધ- ફ્રેશ વિધાર્થીઓએ કોલેજમાં એડમિશન થયા બાદ તેમજ રીન્યુઅલ વિધાર્થીઓએ તેઓનું પરિણામ જાહેર થયા બાદ જ ઓનલાઇન અરજી કરવાની રહેશે.

**હેલ્પ લાઈન નં. ૦૭૯ ૨૩૨ ૫૪૦૨૨ (કચેરી સમય દરમિયાન)**